# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 28-10-2025 Day: Tuesday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **વિરલ રાણા** વાંચે છે.

---

## ચુંટણી પંચ મતદારયાદી:

ચૂંટણી પંચે જાહેરાત કરી છે કે બીજા તબક્કામાં 12 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં મતદાર યાદીના વિશેષ સઘન સુધારણા-SIR હાથ ધરવામાં આવશે. ચૂંટણી પંચે જણાવ્યું, આ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં આંદામાન અને નિકોબાર ટાપુઓ, લક્ષદ્વીપ, છત્તીસગઢ, ગોવા, ગુજરાત, કેરળ, મધ્યપ્રદેશ, પુડુચેરી, રાજસ્થાન, તમિલનાડુ, ઉત્તર પ્રદેશ અને પશ્ચિમ બંગાળનો સમાવેશ થાય છે. નવી દિલ્હીમાં મીડિયાને માહિતી આપતા, મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે જણાવ્યું હતું કે આ સુધારાનો હેતુ મતદાર યાદીઓને વધુ પારદર્શક અને ભૂલમુક્ત બનાવવાનો છે.

શ્રી કુમારે જણાવ્યું હતું કે, SIR ના બીજા તબક્કામાં 51 કરોડ મતદારોને આવરી લેવામાં આવશે. તેમણે જાહેરાત કરી હતી કે SIR યોજાનાર તમામ 12 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં મતદાર યાદીઓ ગત મધ્યરાત્રિથી સ્થિર કરાઈ. શ્રી કુમારે જણાવ્યું હતું કે, ગણતરી ફોર્મ છાપવાનું અને બૂથ લેવલ અધિકારી-BLO ની તાલીમ આજથી શરૂ થશે. તેમણે જણાવ્યું હતું કે, ગણતરી પ્રક્રિયા 4 નવેમ્બરથી એક મહિના માટે શરૂ થશે, ડ્રાફ્ટ યાદીઓ 9 ડિસેમ્બરે અને અંતિમ મતદાર યાદીઓ 7 ફેબ્રુઆરીએ પ્રકાશિત કરાશે.

------------------------------------------------------------------------------------------

## ભારત સમુદ્રી સપ્તાહ-CM:

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ગઈકાલે મહારાષ્ટ્રના મુંબઈમાં આગામી 31 તારીખ સુધી યોજાનારા ભારત સમુદ્રી સપ્તાહ 2025-નો પ્રારંભ કરાવ્યો. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે

કહ્યું, ગુજરાતે 'સમુદ્ર સે સમૃદ્ધિ'નો માર્ગ અપનાવીને રાજ્યના બંદરોને સમૃદ્ધિના દ્વાર બનાવ્યા છે. તેમણે કહ્યું, સમુદ્રી વિકાસની ગત બે દાયકાની યાત્રાથી ગુજરાત વિશ્વ માટે દરિયાઈ પ્રવેશદ્વાર બન્યું છે. રાજ્યમાં ચીપ અને જહાજ બનાવવા વિકસિત થયેલી પ્રણાલિ આત્મનિર્ભરના સંકલ્પને બળ આપશે તેવો વિશ્વાસ પણ તેમણે વ્યક્ત કર્યો.

---

## GP-SMASH-પોલીસ:

રાજ્ય પોલીસે સોશિયલ મીડિયાની મદદથી રાજ્યના નાગરિકો સાથે જોડાવવા ગુજરાત પોલીસ – સોશિયલ મીડિયા, જાગૃતિ અને સુવ્યવસ્થિત સગવડ એટલે કે, GP-SMASH અનોખી પહેલ કરી છે. આ પહેલનો હેતુ સોશિયલ મીડિયા પર લોકો દ્વારા રજૂ થતી ચિંતાઓ, ફરિયાદ અને સૂચનોને સંવેદના સાથે સાંભળી, ઝડપથી યોગ્ય અધિકારી સુધી પહોંચાડીને સમયસર નિકાલ લાવવાનો છે.

પહેલી માર્ચથી શરૂ થયેલી આ પહેલ હેઠળ અત્યાર સુધીમાં 850થી વધુ ફરિયાદનો નિકાલ કરાયો છે તેમ રાજ્યના મુખ્ય પોલીસ અધિકારી – DGP વિકાસ સહાયે જણાવ્યું હતું.

---

## કચ્છમાં વરસાદ :

અરબી સમુદ્રમાં સર્જાયેલ ડિપ્રેશનની સિસ્ટમે કારતકમાં આષાઢી માહોલ સર્જ્યો છે. રાજ્યમાં અનેક સ્થળે મધ્યમથી ભારે વરસાદ વરસી રહ્યો છે. કચ્છમાં પણ કમોસમી વરસાદ વરસવાની આગાહી વચ્ચે પાંચેક તાલુકામાં ઝરમરથી લઇ ઝાપટાંરૂપે વરસાદની હાજરી જોવા મળી હતી. આગામી શુક્રવાર સુધી જિલ્લામાં મધ્યમથી ભારે વરસાદનું યલો એલર્ટ હવામાન વિભાગ દ્વારા જાહેર કરાયુ છે. સાવચેતીના ભાગરૂપે કંડલા બંદર પર 3 નંબરનું સિગ્નલ લગાવવામાં આવ્યું છે અને માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે. કમોસમી વરસાદના કારણે પાકને થતી નુકસાની બચાવવા માટે તકેદારીના પગલાં ભરવા તંત્ર દ્વારા સૂચના આપવામાં આવી છે.

---

## છઠ્ઠ પુજા-કચ્છ:

વરસાદી માહોલ વચ્ચે રાજ્યભરમાં રહેતા ઉત્તર ભારતીયોએ અસ્ત થતાં સૂર્યદેવને અર્ઘ્ય અર્પણ કરી છઠપૂજાની ઉજવણી કરી. છઠ પૂજા એક જ એવો પર્વ છે, જેમાં આથમતા સૂર્યદેવની પણ પૂજા કરાય છે.

દરમ્યાન કચ્છમાં પણ ઉત્તર ભારત અને બિહારના અનેક પરિવારો વર્ષોથી વસવાટ કરી રહ્યા છે અને ભૂકંપ પછી તો અનેક લોકો આવી ગયા છે ત્યારે છેલ્લા ૨૫ વર્ષથી વધુ સમયથી છઠ પૂજા ભુજ,આદિપુર,ગાંધીધામ વિસ્તારમાં છઠ્ઠ પુજા મહોત્સવની ઉજવણીનું આયોજન કરાયું હતું.આ નિમિતે ખુબ મોટી સંખ્યામાં ઉત્તર ભારતીય પરિવારના લોકો એક્ત્રિત થયા હતા.

---

## અકસ્માત:

નખત્રાણા ભુજ હાઈવે માર્ગ પર દેશલપર વાંઢાય વચ્ચે ગત રાત્રે અકસ્માત સર્જાયો હતો. જેમાં નખત્રાણાના અને નાના અંગીયા ગામના યુવાનના મૃત્યુ નીપજયા હતા. આ અકસ્માતની વિગત મુજબ ભુજથી નખત્રાણા તરફ જઈ રહેલી કાર લીમડાના ઝાડ સાથે ભટકાતા અન્ય બે લોકોને ઈજા પણ પહોંચી હતી. જેને તાત્કાલિક સારવાર માટે ભુજ ખસેડાયા હોવાના અહેવાલ છે.

---

## જલારામ જયંતી ઉજવણી-કચ્છ:

આવતીકાલે 29 ઓક્ટોબરના સંત શીરોમણિ જલારામબાપાની 226મી જન્મજયંતીની ઉજવણી ભુજ લોહાણા મહાજન દ્વારા દર વર્ષની જેમ કરવામાં આવશે. આજે ભુજ તથા આજુબાજુના વિસ્તારના દરિદ્રનારાયણોને મિષ્ટાન્ન - ફરસાણ વિતરણ કરવામાં આવશે તથા ભુજ લોહાણા યુવા મંડળ દ્વારા 226 રોપાનું વૃક્ષારોપણ કરવામાં આવશે. જલારામબાપાનાં

જીવન ચરિત્ર તેમજ પરચા ઉપર ગઢશીશાના બાળ કલાકારો  દ્વારા નાટય રૂપાંતર કરવામાં આવશે, જે રાત્રે આઠ કલાકે ભુજના રસિક કતિરા પાર્ટી પ્લોટમાં રજૂ થશે.

---

## રાષ્ટ્રીય એકતા દિવસ ઉજવણી-એકતા નગર:

નર્મદામાં એકતાનગર સ્ટેચ્યૂ ઑફ યુનિટી ખાતે આગામી 31 તારીખે લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની 150-મી જન્મજયંતીની ભવ્ય ઉજવણી કરાશે. રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી નિમિત્તે યોજાનારા કાર્યક્રમ માટેની તૈયારીઓને આખરી ઓપ અપાયો છે.

---